શેઠ ચીમનલાલ
નગીનદાસ
વિદ્યાવિહાર

तस्य भासा विभाति

# સંનિધિ

વર્ષ: ૧૩, અંક:૩૭, ડિસેમ્બર-૨૦૨૪, શેઠ ચી. ન. વિદ્યાવિહાર, આંબાવાડી, અમદાવાદ-૬. ફોન:26463511, 26463696
ઈ-મેઈલ: cndirectorsoffice@cnvidyavihar.edu.in – વેબસાઈટ: www.cnvidyavihar.edu.in

## પરંપરાગત શાળાકીય શિક્ષણ : શિક્ષણનો ઉદ્દેશ્ય જ બાળકોનો સર્વાંગી વિકાસ છે : સારા વ્યક્તિ બનાવવાનો છે.

બાળકોના વિકાસમાં પ્રાથમિક શિક્ષકની પણ મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. આ ઉંમરમાં બાળકોની ગ્રહણશક્તિ વધુ હોય છે. એટલે જ તેમને અનુશાસન, આત્મનિયંત્રણ, સહનશીલતા, પ્રામાણિકતા, કરુણા, સહાનુભૂતિ. બીજાનું સન્માન, દેશપ્રેમ, સ્વસ્થ આદતો શીખવવાનો સૌથી યોગ્ય સમય હોય છે. બાળકોને પ્રકૃતિ પ્રત્યે જાગૃતિ, સંવેદન-શીલતા શીખવવી પણ જરૂરી છે, જેથી તે એક જવાબદાર નાગરિક બની શકે. બાળકોનો સર્વાંગી વિકાસ જ પ્રાથમિક શિક્ષણનો ઉદ્દેશ્ય હોવો જોઈએ.

આજના યુગમાં શિક્ષણના ક્ષેત્રમાં ઘણા બધા ફેરફારો આવી રહ્યા છે. આ ફેરફારોને ધ્યાનમાં રાખીને પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓમાં પણ કેટલાક ફેરફારો કરવા જરૂરી બની ગયા છે. પરંપરાગત શાળાકીય શિક્ષણના ઉદ્દેશ્યોની સાથે...

- કૌશલ્ય વિકાસ: વાંચન, લેખન, ગણિત જેવા મૂળભૂત કૌશલ્યો ઉપરાંત વિચારવાની, સમસ્યા હલ કરવાની અને સર્જનાત્મક કૌશલ્યો વિકસાવવા.
- મૂલ્યોનું સિંચન: સમાજમાં રહેવા માટે જરૂરી નૈતિક મૂલ્યો, સંસ્કારો અને આદર્શોનું સિંચન કરવું.
- વ્યક્તિત્વનો વિકાસ: બાળકોમાં આત્મવિશ્વાસ, સ્વતંત્રતા અને નેતૃત્વના ગુણો વિકસાવવા.
- સમાજમાં સમાયોજન: બાળકોને સમાજમાં સફળતાપૂર્વક જીવવા માટે જરૂરી કુશળતા અને જ્ઞાન આપવું.

### આજના યુગમાં શાળાકીય શિક્ષણમાં નવા પરિપ્રેક્ષ્ય એટલે શેઠ સી. એન. વિદ્યાવિહારના નવા બે આયામો :

**1. નર્સરીથી બાલ વિભાગના ધોરણો (1 થી 5) સુધી ''દ્વિ-ભાષી (બહુભાષી) શિક્ષણ પદ્ધતિ''**

- વિશ્વભરના સંશોધનો સ્પષ્ટપણે દર્શાવે છે કે બાળકો 2 થી 8 વર્ષની ઉંમર વચ્ચે અત્યંત ઝડપથી ભાષાઓ શીખી લે છે અને બહુભાષિતાથી આ ઉંમરના વિદ્યાર્થીઓને ઘણા જ્ઞાનાત્મક લાભ થાય છે, તેથી આ વયજૂથના બાળકોને પાયાના તબક્કાથી જ શરૂ કરીને વિવિધ ભાષાઓથી પરિચિત કરાવવામાં આવે છે. માતૃભાષાને પ્રાથમિકતા આપીને અંગ્રેજી ભાષા અને ત્યારબાદ હિન્દી અને સંસ્કૃત ભાષાને સક્રિયાત્મક (interactive) શૈલીમાં ભણાવવામાં આવે છે. પહેલા બે વર્ષ દરમ્યાન માતૃભાષાનું શ્રવણ - કથન - વાંચન - લેખન શીખવવામાં આવે છે. સાથે અન્ય ભાષાઓના શ્રવણ પર ઝોક આપવામાં આવે છે. ત્રીજા વર્ષથી આગળ બીજી ભાષામાં વાંચનકૌશલ્ય અને લેખનકૌશલ્ય વિકસે એ રીતે શિક્ષણ આપવામાં આવે છે. ત્યારબાદ અન્ય વિષયો અંગ્રેજી ભાષા સાથે શીખવવામાં આવે છે. કિશોર વિભાગથી બાળકો સંપૂર્ણપણે અંગ્રેજી ભાષાને મુખ્ય ભાષા તરીકે સ્વીકારી બધા જ વિષયો શીખે છે.

**2. કિશોર વિભાગના ધોરણો (6 થી 8) અને હાઈસ્કૂલના ધોરણો (9 થી 12) માટે ''વિદ્યાવિશેષ''**

- **ટેક્નોલોજીનો ઉપયોગ:** વિદ્યાવિહારની બધી જ સંસ્થાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિને વેગ આપવા તેમજ વિવિધ વિષયોના ખ્યાલને સારી રીતે તાદ્રશ્ય રીતે સમજાવી શકાય તે માટે દરેક વર્ગોમાં interactive Panel દ્વારા શિક્ષણમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરી ને શિક્ષણને વધુ રસપ્રદ અને અસરકારક બનાવવામાં આવી રહ્યું છે.
- **પ્રાયોગિક શિક્ષણ, વ્યક્તિગત ધ્યાન અને સહયોગી શિક્ષણ:** દરેક બાળક અલગ હોય છે, તેથી દરેક બાળકને તેની ક્ષમતા અને રુચિ અનુસાર શિક્ષણ અનુભવો આપવા માટે STEM LAB અને ભાષા પ્રયોગશાળા તૈયાર કરવામાં આવી છે. જ્યાં બાળકોને જૂથમાં કામ કરવાની તક આપીને સહયોગી કૌશલ્યો વિકસાવવા તેમજ થિયરી સાથે સાથે પ્રાયોગિક શિક્ષણ પર ભાર આપીને બાળકોમાં જ્ઞાનની ઊંડી સમજણ કેળવવા માટે પ્રયત્નો કરવામાં આવે છે.
- ધોરણ - 11 અને 12માં કોચિંગ ક્લાસને બાળકોના ભવિષ્ય માટે એક મહત્વનો ભાગ માનવામાં આવે છે. પરંતુ શું કોચિંગ ક્લાસ હંમેશા બાળકો માટે ફાયદાકારક હોય છે? કોચિંગ ક્લાસમાં વિષયવસ્તુને એવી રી તે તૈયાર કરાવવામાં આવે છે, કે જેનાથી બાળકોને પરીક્ષામાં સારા માર્ક્સ મેળવવામાં મદદ મળે છે. વિદ્યાર્થીઓને પ્રતિસ્પર્ધાત્મક દુનિયાનો સામનો કરવા માટે તૈયાર કરવામાં આવે છે. અતિશય અભ્યાસના કારણે બાળકોનું શારીરિક સ્વાસ્થ્ય બગડી શકે છે.
- વિદ્યાર્થીઓને શાળા સમય દરમ્યાન જ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે જરૂરી શિક્ષણ અને માર્ગદર્શન મળી રહે તે માટે વિવિધ પરિક્ષાઓના વિષયો માટેના તજજ્ઞ શિક્ષકોની તેમજ અન્ય સંસાધનોની વ્યવસ્થા કરવામાં આવી છે. હવેથી વિદ્યાવિહારના વિદ્યાર્થીઓ શાળામાં જ બોર્ડની પરીક્ષાઓ ઉપરાંત સ્પર્ધાત્મક પરિક્ષાઓ માટેનું શિક્ષણ મેળવી શકશે અને તેમને અન્ય કોચિંગ ક્લાસમાં જવાની જરૂર નહીં રહે.

વિદ્યાવિહારમાં પરંપરાગત શાળાકીય શિક્ષણના મૂળભૂત ઉદ્દેશ્યો તો બદલાયા નથી, પરંતુ આજના યુગની જરૂરિયાતોને અનુરૂપ શિક્ષણ પદ્ધતિઓમાં ફેરફાર કરીને બાળકોને 21મી સદીના પડકારોનો સામનો કરવા માટે સક્ષમ બનાવવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે.

**ડૉ. વૈશાલી શાહ**
**નિયામક, શેઠ ચી.ન.વિદ્યાવિહાર**

**પ્રકાશક:- ડૉ. વૈશાલી શાહ**
**સંપાદક મંડળ:- બિમલ રાવલ, ડૉ. ભગવાન પટેલ, હિતેન્દ્ર ત્રિવેદી, હેતલ મહેતા, તૃપ્તિ રાવલ.**

# 'વિદ્યાવિહારનું ગૌરવ'



**ડૉ. બિંદુ પરીખ પ્રસાદ(૧૯૫૯ની બેચ)**

મારો જન્મ 1943માં થયો. મેં સી.એન.વિદ્યાલયમાં ધોરણ 1 થી 11 સુધી અભ્યાસ કર્યો અને 1959માં મેટ્રિક પાસ કર્યું. મારા પિતાજી આદર્શશીલ વકીલ હતા. માતા સાતમા ધોરણ સુધી ભણેલા અને ખૂબ પ્રેમાળ હતાં. એ ખૂબ સુંદર ગાતા અને ગુજરાતી સાહિત્યની દરેક નવલકથા વાંચતાં.

મારા 6 ભાઈ બહેનોમાં હું સૌથી નાની હતી. મારા બધા જ ભાઈ બહેનો સી.એન.માં ભણેલા અને બધા જ ઘણા હોંશિયારઃ જેઓ બોર્ડમાં નંબર લાવેલા. મારો રસ ભણવા કરતાં રમત અને સંગીતમાં વધારે હતો. મારા માતા-પિતાએ શાળાએ જવા કે માર્કસ લાવવા કદી દબાણ નહોતું કર્યું અને એટલે જ, જ્યારે હું 10માં ધોરણમાં આવી ત્યારે મારી જાતે જ શિક્ષણને ગંભીરતાથી લેવા માંડી.

શાળાની ઘણી સુંદર યાદો છે. સફેદ સુંદર ખાદીના કપડામાં પ્રાર્થના મંદિરમાં ઝીણાભાઈ કોઈ ને કોઈ વાત કરતાં દેખાય, એ વાતો પાછળ બાળકોની કેળવણીને લગતા વિચાર છુપાયેલા રહેતા, તે આજે સમજાય છે.

આ સાથે ઉદ્યોગો ખાસ કરીને કનુભાઈ સાથે ચિત્રનો તાસ અને ભાઈલાલભાઈ સાથે સંગીતનો તાસ એ આખા દિવસના આકર્ષણરૂપ રહેતા. જ્યારે અમે ભાઈ બહેનો ભેગા થઈએ ત્યારે શાળાના ગીતો હજુએ ગાઈએ છીએ. આજે મને સમજાય છે કે ગાંધીજીની શિક્ષણ પધ્ધતિ 'નઈ તાલીમ'ના સિદ્ધાંતો ઝીણાભાઈએ ઘડેલા શાળાના અભ્યાસક્રમમાં વણાયેલા હતા. માતૃભાષામાં શિક્ષણ, રચનાત્મક કાર્ય અને સ્વાવલંબનના સિદ્ધાંતો લાગુ કરવામાં આવતાં. કાંતણ, ખાદીનું વણાટ અને ગણવેશ, વિદ્યાર્થી દ્વારા શાળાના મેદાનો અને બાથરૂમની સફાઈ, પ્રાર્થના મંદિરનું બાંધકામ કરવામાં વિદ્યાર્થીઓની સહભાગિતા આ બધી રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા મળતાં આનંદનું અને સ્વાવલંબનનું બાળકોના શિક્ષણમાં શું મહત્વ હતું તે જીવનમાં ઘણી વખત ઉપયોગી થવાથી આજે સમજાય છે.

શાળા દ્વારા આપણા દેશની સંસ્કૃતિનું ભાન પણ થયું. આખું હિંદુસ્તાન શાળાના પ્રવાસો દ્વારા જોયું. ઇલોરા-અજંટા, બિહાર અને ભાખરા નાંગલ ડેમ, પશ્ચિમ બંગાળ, આખું દક્ષિણ ભારત અને શ્રીલંકાના પ્રવાસો શાળાએ કરાવેલા. આ પ્રવાસોની તૈયારી માટે ભાસ્કરભાઈ guidebook લખતાં, જેમાં રસિકભાઈએ દોરેલાં ચિત્રો સાથે જગ્યાઓનું વર્ણન કરવામાં આવતું. દરરોજ સાંજે ડાયરી લખવાની રહેતી. જેમાં અમને શું ગમ્યું અને કેમ, અને અમે શું શીખ્યા વગેરે લખવાનું રહેતું. સમૂહજીવનના આ પાઠો પ્રવાસોથી શીખ્યા. બીજી વાત ખાસ ગાંધી જયંતીની ઉજવણીની છે. એક અઠવાડિયામાં અખંડ કાંતણથી ગાંધીજીનો જન્મ દિવસ ઉજવાતો. દરેક વર્ષે એ ધ્યેય રહેતું કે આ વર્ષે કેટલા વાર ખાદી તૈયાર થઈ છે, અને એ ગત વર્ષ કરતા વધારે હોવી જોઈએ. આ પર્વ દ્વારા અમને ગાંધીજીના વિચારોનું મહત્વ સમજાવવામાં આવ્યું. લોકશાહી અને સંસદીય પ્રણાલીના પાઠ અમને શાળાના મંત્રીમંડળની રચના અને ચૂંટણીની પ્રક્રિયાથી શીખવા મળ્યા. મંત્રીમંડળ કેમ, એની શું જરૂરિયાત, એને કેવી રીતે ચૂંટવું એ બધાની શીખ મળી.

પ્રાથમિક શાળામાં ઘણી સર્જનાત્મક પ્રવૃત્તિઓ થતી અને એ ખૂબ આનંદદાયક રહેતી. એ બધાનું પણ બાળકોના શિક્ષણમાં શું મહત્વ છે એ આજે સમજાય છે. દર શનિવારે બાળસભા થતી. વિદ્યાર્થીઓ એમાં નૃત્યો, ગીતો, નાટકોની રજૂઆત કરતાં. એ વખતના રજૂ થયેલા ગીતો 'ભગાભાઈ ભણવા નિશાળે ચાલ્યા' 'દેડકાના દાદાજીને' અને 'ખિસકોલી બાઈ જાત્રા કરવા જાય' એ અમારા પરિવારની જીંદગીનો સુંદર ભાગ છે. મારા ભાઈ બહેનોના બધાજ છોકરાઓ આ ગીતો સાથે ઉછર્યા છે.

બીજી યાદ પ્રાર્થના મંદિરમાં આવતા મહેમાનો અને કાર્યક્રમોની છે. ઉમાશંકર જોશી, વિનોદીનીબહેન નીલકંઠથી માંડીને રાજકપૂરને પણ પ્રાર્થના સભામાં બાળકોને સંબોધિત કરતાં જોયા છે. પ્રાર્થના મંદિરમાં વર્ગ પ્રમાણે થતાં કાર્યક્રમો, બુધવારે થતી વકતૃત્વની હરીફાઈ, આંતરશાળા રમતોની હરિફાઈનું સપ્તાહ એ કદી ભુલાયા નથી.

શાળામાથી મેટ્રિક પાસ કર્યા પછી અમદાવાદની St. Xavier's Collegeમાં Arts Sectionમાં પ્રવેશ લીધો. મારો રમત અને સંગીતમાં રસ કાયમ જ રહેલો. મેં આંતર કોલેજ સ્વિમિંગ સ્પર્ધામાં ભાગ લીધો અને યુનિવર્સિટી સ્વિમિંગ ચેમ્પિયન બની. આ સાથે કોલેજની Basket Ballની ટીમની સભ્ય રહી. Gujarat Governmentની flyingની શિષ્યવૃત્તિ મળેલી એટલે flying પણ શીખી. કોલેજના બધા જ કાર્યક્રમોમાં ગાયું. અને મારી શાસ્ત્રીય સંગીતની તાલીમ ચાલુ રાખી. મને ઘણાં વર્ષો પછી આગ્રા ઘરાનાના ઉસ્તાદ શરાફત હુસેનખાનની શિષ્યા બનવાનું સદ્દભાગ્ય પ્રાપ્ત થયું. આ સિવાય કોલેજના દિવસોમાં મારી મોટીબહેને સ્થાપિત કરેલા 'સ્થિતબિંદુ' નામના ગ્રુપ નીચે ઘણા ગરબા કર્યા અને ટ્રોફીઓ પણ જીતી.

B.A.માં Psychology લીધું અને Clinical Psychology સાથે Gujarat Universityમાંથી M.A.કર્યું. Clinical Psychologyમાં M.A. કરવા 1966માં અમેરિકા ગઈ, જે મે Boston કોલેજથી પાસ કર્યું. એ પછી

Boston યુનિવર્સિટીમાથી Special Educationમાં Doctorate કર્યું. Special Educationમાં આગળ ભણવાનું કારણ એ હતું કે, હિંદુસ્તાન પાછા જઈને કામ કરવું હોય તો Psychology અને Special Education બંનેમાં તાલીમ હોય તો વધારે મદદરૂપ થઈ શકે. મે Doctorate કર્યા પછી એક વર્ષ માટે Child Psychotherapyની તાલીમ Judge Baker Guidance Centre of Boston Children's Hospitalમાંથી લીધી. Children's Hospitalમાં 2 વર્ષ Psychiatry Research Dept.માં કામ કર્યું. જ્યાં મે Effect of Malnutrition on Children"s Intellectual Development & Relationship of Music Therapy on learning disability પર કામ કર્યું.

1977માં લગ્ન કર્યું અને હું London ગઈ. કારણકે મારા પતિ દેવીપ્રસાદ લંડનમાં રહેતા હતા. તેઓ એક આર્ટિસ્ટ અને શિક્ષણવિદ હતા, જે યુદ્ધ વિરોધી આંતરરાષ્ટ્રીય સંસ્થાનું કામ એના Chairman તરીકે સંભાળતા. મે લંડનમાં Nuffield Centreમાં Hearing Impaired બાળકો અને તેમના માતા-પિતા સાથે કામ કર્યું.

હું અને મારા પતિ 1983માં હિંદુસ્તાન આવ્યા અને દિલ્હીમાં સ્થાયી થયા. મારા કાર્યનું કેન્દ્રસ્થાન બાળકો અને તેમના પરિવારો માટે સેવાઓ વિકસાવવામાં મદદ કરવાનું રહેલું છે. આવ્યા પછી મે જામિયા મિલિયામાં એક બાલ નિર્દેશક કેન્દ્ર advisor તરીકે શરૂ કર્યું. મે આને સમુદાય આધારિત સેવા આપતા કેન્દ્ર તરીકે વિકસાવ્યું છે. જ્યાં જામિયા મિલિયાની આસપાસની શાળાઓ અને સમુદાયો દ્વારા વર્તાવ અને learning issuesને લગતી સેવાઓ આપવામાં આવતી.

આ સમયગાળા દરમિયાન મેં ફેમિલી સિસ્ટમ થેરાપી ના થોડા ટૂંકા ગાળાની તાલીમ આયોજિત કરી, જેમાં વિવિધ ક્ષેત્રોના વ્યવસાયિકોએ ભાગ લીધો અને તેણે ફેમિલી થેરાપીમાં ઘણો રસ પેદા કર્યો. સહભાગીઓએ એક અભ્યાસ જૂથની રચના કરી, જેના સભ્યો દર મહિને મળતા અને ફેમિલી થેરાપીને લગતા લેખો વાંચીને ચર્ચા કરતાં. 1989 ઈન્ડિયન એસોસિએશન ફોર ફેમિલી થેરાપીની સ્થાપના કરવામાં આવી. મેં ઘણાં વર્ષો સુધી સ્થાપક સેક્રેટરી તરીકે કામ કર્યું. અમુક તબક્કે હું ફેમિલી થેરાપીના ઈન્ટરનેશનલ ASSના બોર્ડ મેમ્બર રહી. આ સંપર્ક દ્વારા હું એસોસિએશનના સભ્યો માટે ટૂંકા ગાળાના અભ્યાસક્રમો ચલાવવા માટે ક્ષેત્રના નિષ્ણાતોને આમંત્રિત કરી શકી.

જ્યારે હું CGCમાં કામ કરતી હતી, ત્યારે દેશમાં માત્ર 100 CGC હતા. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક કોર્પોરેશન અને ચાઇલ્ડ ડેવલપમેન્ટ (NIPCCD) પણ CGC ચલાવતી હતી. સહયોગી પ્રયાસો દ્વારા અમે શાળાના Counsellor માટે તાલીમ કાર્યક્રમ માટે મોડ્યુલ તૈયાર કરવામાં સક્ષમ થયા. NIPCCD એ 2004 માં 8 મહિનાનો ડિપ્લોમા કોર્સ શરૂ કર્યો જે હજુ પણ ચાલુ છે.

આ ઉપરાંત હું ખાસ જરૂરિયાતવાળા બાળકો (Children with special needs) માટે સેવાઓ વિકસાવવાનું કામ પણ કરતી હતી. મેં યુનિસેફ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ NGOના કાર્યનું મૂલ્યાંકન કર્યું, જે ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકો વિશે જાગૃતિ લાવવા અને પાયાના સ્તરે વિશેષ જરૂરિયાતો ધરાવતા બાળકોને સેવાઓ પ્રદાન કરવા માટે એક મોડેલ બનાવવા માટે કામ કરી રહ્યા હતા. તે પ્રોજેક્ટ ચંદીગઢ, દિલ્હી, જમ્મુ અને પિંજોરના હતા. કાશ્મીરમાં બાળપણની વિકલાંગતા પરની વર્કશોપ અને દિલ્હીમાં રાષ્ટ્રીય વર્કશોપ માટે મને સન્માનિત કરવામાં આવી. બંનેનું આયોજન યુનિસેફ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સાથે 'સ્પાસ્ટિક સોસાયટી ઓફ નોર્ધન ઈન્ડિયા'મા કન્સલ્ટિંગ સાયકોલોજિસ્ટ તરીકે પણ કામ કર્યું.

1991માં હું દિલ્હીની ગુજરાત એજ્યુકેશનલ સોસાયટી દ્વારા સ્થાપિત સરદાર પટેલ વિદ્યાલયમાં કન્સલ્ટિંગ ક્લિનિકલ સાયકોલોજિસ્ટ અને સ્પેશિયલ એજ્યુકેટર તરીકે જોડાઈ. મેં 2016 સુધી ત્યાં કામ કર્યું. શાળામાં મારો પ્રયાસ શિક્ષણ, અને સામાજિક-ભાવનાત્મક સમસ્યા ધરાવતા બાળકોની જરૂરિયાતોને સંબોધવાનો હતો. SPVમાં હું ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકોના એકીકરણ માટેનું માળખું બનાવવામાં મદદ કરી શકી. દૂરંદેશી આચાર્ય વિભા પાર્થસારથીની મદદ વિના અમે વિશેષ જરૂરિયાતો ધરાવતા વિદ્યાર્થીઓને ચોક્કસ રાહત આપવામાં સફળ ન થયા હોત. SPV એ પ્રથમ શાળાઓમાંની એક હતી જેણે, આ બાળકોને અમુક રાહત આપવાની શરૂઆત કરી હતી.

2016માં સરદાર પટેલ વિદ્યાલય છોડ્યા પછી હું બાળકો માટે સાયકો એજ્યુકેશનલ-સેવાઓ વિકસાવવામાં મદદ કરવા માટે કન્સલ્ટિંગ સાયકોલોજિસ્ટ તરીકે બિસાઉ રાજસ્થાનની એક શાળામાં કામ કરી રહી છું. મેં ત્યાં કામ કરવાનું નક્કી કર્યું કારણ કે, પાયાના સ્તરે કામ કરવાથી મને ઘણો સંતોષ મળ્યો છે.

છેલ્લા 2 વર્ષથી મારી માતૃસંસ્થા વિદ્યાવિહાર સાથે મારો સબંધ ફરી બંધાયો. મને વિદ્યાવિહારમાં કાઉન્સેલિંગ સેવાઓ શરૂ કરવામાં મદદ કરવા માટે કહેવામાં આવ્યું, અને મનોવિજ્ઞાનીની પસંદગીમાં નિષ્ણાત તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ અંતર્ગત કાઉન્સેલિંગ સેવાઓના આયોજનમાં મદદ કરી અને મનોવૈજ્ઞાનીની પસંદગીમાં સામેલ થઈ તેમજ તેને શાળામાં કાઉન્સેલિંગ સેવાઓની યોજના બનાવવામાં મદદ કરી. અને હજી પણ તેના કાર્યમાં માર્ગદર્શન આપી રહી છું.

શાળાજીવનમાં અનુભવજન્ય કેળવણીથી થયેલા ઘડતરથી જ મનમાં સંક્રાંત થયેલ બાળકોને સમજવાની દ્રષ્ટિએ મને મારા કામમાં ઘણી મદદ કરી છે. ભણવામાં બાળકને આનંદ મળવો જોઈએ. આ વસ્તુ માટે બાળકને જાતજાતના અનુભવોનો મોકો મળવો જોઈએ. માતૃભાષામાં શિક્ષણ અપાવું જોઈએ. અને એમાં સર્જનાત્મક અને શારીરિક પ્રવૃત્તિઓ ઘણી મહત્વની છે. બાળકોને એમની શક્તિ અને રસ પ્રમાણે વિકસવા દેવા જોઈએ.

હું ભાગ્યશાળી હતી કે મારા પતિ દેવીપ્રસાદ મને જીવનસાથી-રૂપે મળ્યા. એક માર્ગદર્શક તરીકે તેમણે બાળકોના મનોવિજ્ઞાન અને તેમના શિક્ષણ વિશેની મારી સમજને સમૃદ્ધ બનાવી. તેમને ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરના સમયમાં શાંતિનિકેતનમાં અભ્યાસ કરવાનો અને 1944 થી 1961 દરમિયાન ગાંધીજીની 'નઈ તાલીમ' શૈક્ષણિક પ્રણાલીમાં સેવાગ્રામ આશ્રમમાં કલાશિક્ષક તરીકે કામ કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો. તેઓને ગુરુદેવ અને ગાંધીજીના શિક્ષણ હેઠળના સિદ્ધાંતોના મૂલ્યો અને તેની ઊંડી સમજ હતી.

અંતે મારે કહેવું જ જોઇએ કે મારા જીવનમાં મારા માતા-પિતા, મારા ભાઈ-બહેન, અમારા આદર્શ શિક્ષકો અને મારા પતિ જેવા વિશેષ વ્યક્તિઓના સાથ અને માર્ગદર્શન સાંપડવા માટે હું ભાગ્યશાળી રહી છું.

અમે નમીએ તને ચિર સાથી, સાથી વિદ્યાવિહાર......

**ડૉ.બિંદુ પરીખ પ્રસાદ**

# ડૉ. રાજલ ઠાકર (૧૯૮૦ની બેચ) - સ્મરણ



ડૉ. રાજલબહેન ઠાકર શેઠ સી.એન.વિદ્યાલયના 1980ની બેચના વિદ્યાર્થીની હતા. અભ્યાસમાં તેઓ ખૂબ તેજસ્વી હતાં. તેમના ઉચ્ચ શિક્ષણ અને સંસ્કારસિંચનના પાયામાં શાળાના અમૂલ્ય પ્રદાન વિશે હંમેશા તેઓ પોતાને વિદ્યાવિહારના ઋણી સમજતા.

તેમના શાળા સમયના classmate અને ખાસ મિત્ર સોનલ દેસાઇ નાગોરીના જણાવ્યા મુજબ શાળા જીવનમાં અભ્યાસ ઉપરાંત ઇતરપ્રવૃત્તિઓ, ચિત્ર, સંગીત બધાજ રસના વિષયોમાં અવ્વલ રહી તેઓ ઇનામો મેળવતા. વિશેષમાં ફોટોગ્રાફી, પર્યાવરણપ્રેમ, Bird Watcher અને Star observer હતા. તેઓ અસાધારણ પ્રતિભા અને બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા હતા.

વ્યવસાયે Gynaecologist એવા રાજલબહેનનો રસનો મુખ્ય વિષય 'તરુણાવસ્થામાં સ્વાસ્થય' અંગેનો હતો. આ વિષય ઉપરના વક્તવ્ય અંતર્ગત તેઓએ ભારતભરમાં લગભગ 1 લાખ જેટલા તરુણ અને તરુણીઓને આવરી લીધા હતાં. તેઓએ National Adolescent Health Committee અને FOGSI ના કો-ઓર્ડિનેટર તરીકે તરુણો માટે 25 વર્ષ સુધી કામ કર્યું હતું. તેઓ Swedish Embassy ના Training on Youth Friendly Health Servicesના પસંદ થયેલ સભ્ય હતાં. ઉપરાંત રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમના રાષ્ટ્રીય trainer હતાં. તેઓએ Adolescent Health, Safe Motherhood, Women Empowerment, Women Health, Cancer Awareness, Covid-19 અને pregnancy સંદર્ભે રેડિયો, ટેલીવિઝન વાર્તાલાપ તેમજ સમાચારપત્રોમાં લેખો લખ્યા હતાં. તેમની કામગીરી બદલ અમદાવાદ રેડક્રોસ, અમદાવાદ મિરર, શેઠ વી.એસ. જનરલ હોસ્પિટલ અને ઇંડિયન આર્મી દ્વારા સન્માન તેમજ અમદાવાદ મેડિકલ એસોસિએશન દ્વારા FOGSI GESTOSIS UNSUNG HERP` AWARDS 2018 દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતાં. તેઓને John Hopkins Universityના Outstanding Contributor of Photoshare Project અંતર્ગત Best video on breast feeding by WABA માટે આંતરરાષ્ટ્રીય સન્માન મળ્યું હતું. તેમના રાજ્ય, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય જર્નલમાં 26 જેટલા રિસર્ચ પેપર પ્રકાશિત થયા હતાં.

રાજલબહેને વર્ષ 2015માં તેમની બેચના રિયુનિયન વખતે એક short film **'ચાલો ફરીથી નિશાળે'** બનાવી હતી. જે વિદ્યાવિહારની Websiteના Alumni પેઇજ પર અપલોડ કરવામાં આવી હતી. શાળા પ્રત્યેનો તેમનો અનુબંધ તેમની વિદ્યાવિહારની મુલાકાતો અને વર્કશોપ દરમ્યાન પ્રત્યક્ષ રીતે અનુભવાતો હતો. વ્યવસાયે ડોક્ટર હોઇ તેમના વ્યસ્ત સમયપત્રક અને જવાબદારીઓ છતાં કોરોના મહામારીના અંતરાલ સિવાય ઘણી વખત તેઓએ વિદ્યાવિહારની શાળાઓ કિશોર વિદ્યાલય, વિદ્યાલય તેમજ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે Adolescent Health પર વર્કશોપ કર્યા હતાં.

ડૉ. રાજલબહેન ઠાકરનું તા:31.7.2024ના રોજ નિધન થયું હતું. તેઓની ઈચ્છા અનુસાર તેમના માતા નલિનીબહેન ઠાકર દ્વારા તેમની સ્મૃતિમાં વિદ્યાવિહારમાં Digital Classroom Project અંતર્ગત Interactive Panel માટે રૂ. 11,00,000/-નો સહયોગ આપવામાં આવ્યો છે.

વિદ્યાવિહારના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોના શૈક્ષણિક વિકાસ માટે તેમનો આ સહયોગ ઘણો મહત્વપૂર્ણ બની રહેશે. દર વર્ષે અનેક વિદ્યાર્થીઓ અને શિક્ષકો આનાથી લાભન્વિત થઇ શકશે.

તેમનું શાળા અને સમાજ પ્રત્યેનું દાયિત્વ આવનાર પેઢી માટે પ્રેરણાદાયી બની રહેશે.

**હેતલ મહેતા,**
**ARO, શેઠ ચી. ન. વિદ્યાવિહાર**

આદરણીયશ્રી,

વિદ્યાવિહાર તરફથી આપ સહુને શુભેચ્છાઓ.

આપ જાણો છો તેમ વિદ્યાવિહારનું મુખપત્ર સંનિધિ ત્રિમાસિક ધોરણે પ્રકાશિત થાય છે. સંનિધિના દરેક અંકમાં **'વિદ્યાવિહારનું ગૌરવ'** વિભાગમાં કોઈ એક નામી પૂર્વ વિદ્યાર્થીની જીવન ઝરમર પ્રકાશિત કરવામાં આવે છે. આપ સહુને જણાવવાનું કે જો આપની કોઈ વિશિષ્ટ સિદ્ધિ હોય તો તેની થોડી વિગત અને ફોટોગ્રાફનો Alumni Section અંતર્ગત સંનિધિના અંકમાં સમાવેશ કરી શકાય.

આ સાથે નીચે જણાવેલ લિંકની મદદથી આપ વિદ્યાવિહારની તાજેતરની જાણકારી મેળવી શકશો.

**Website:-**
www.cnvidyavihar.edu.in

**Facebook:-**
https://www.facebook.com/shethcnvv
https://www.facebook.com/cn.vidyavihar.alumni
**Facebook:-**
https://www.facebook.com/CNVVDevelopment

**Instagram:-**
https://www.instagram.com/shethcnvidyavihar
https://www.instagram.com/cn.vidyavihar.alumni

**Youtube:-** https://www.youtube.com/@shethcnvidyavihar

**Support C N:-**
http://cnvidyavihar.edu.in/about-us/funds-for-future/#supportcn
નીચે જણાવેલ Email Id પર Email દ્વારા આપની વિગત મોકલાવી શકશો.

**Email ID:**
alumnirelations@cnvidyavihar.edu.in
Or hetalmehta@cnvidyavihar.edu.in
**Mark CC to :** cndirectorsoffice@cnvidyavihar.edu.in

**ડૉ. વૈશાલી શાહ**
**નિયામક, શેઠ ચી.ન.વિદ્યાવિહાર**

# Teaching Languages at Sri Aurobindo Ashram, Pondicherry - Report

Sri Aurobindo Ashram, located in Pondicherry (now Puducherry), India, is a spiritual community founded by Sri Aurobindo and the Mother (Mirra Alfassa) in 1926. The Ashram serves as a hub for spiritual seekers from across the globe and is deeply rooted in the teachings of integral yoga. Given its international appeal and the diverse origins of its members, the Ashram is a unique case study in multilingualism.

From July 22nd to July 26th, 2024, a group of representatives from Sheth C.N. Vidyavihar visited Sri Aurobindo Ashram in Pondicherry. During this visit, they interacted with teachers from various disciplines, gaining insights into the Ashram's unique educational practices. Particularly noteworthy were the discussions with the language teachers, who shared that their pedagogy combines elements of the Direct Method and the Language Acquisition Method. This approach reflects the Ashram's belief that languages are crucial for the expansion of consciousness, far beyond their traditional role as mere tools of communication. The Ashram's commitment to multilingualism is evident, as all its disciples are multilingual, embracing an educational philosophy that promotes the learning and use of multiple languages.

This article explores the role of multilingualism within the Sri Aurobindo Ashram, the languages in use, and how they contribute to the spiritual and communal life of the Ashram.

## 01. Background of Multilingualism in the Ashram

Multilingualism has been a fundamental characteristic of the Sri Aurobindo Ashram since its inception. As the Ashram attracts followers from various parts of the world, linguistic diversity naturally emerged as a part of its daily life. Sri Aurobindo and the Mother themselves were proficient in multiple languages, which laid the foundation for a multilingual environment.

The Ashram's commitment to inclusivity and its global outreach requires the use of multiple languages in its operations, spiritual practices, educational programs, and publications.

## 02. Languages Spoken and Their Roles

Sri Aurobindo Ashram is home to a variety of languages. The primary languages include:

***1. French:***

**-Role:** Reflecting the colonial history of Pondicherry and the Mother's French origins, French holds a significant place in the Ashram.

**-Use in Practice:** French is used in educational settings, particularly in the study of French literature and philosophy. Many of the Ashram's texts and spiritual writings have been translated into French. The presence of French-speaking residents and visitors also keeps the language vibrant within the community.

***2. English:***

**-Role:** English is the dominant language in the Ashram, serving as the primary medium of communication for administrative purposes, educational instruction, and spiritual discourse. Many of the Ashram's publications, including the works of Sri Aurobindo and the Mother, are available in English, making it accessible to the global community.

**-Use in Practice:** English is widely used in the Ashram's school, Sri Aurobindo International Centre of Education, where students from different linguistic backgrounds receive instruction. It is also the language of many lectures, seminars, and spiritual discourses.

***3. Tamil:***

**-Role:** As the local language of Tamil Nadu, Tamil is extensively used within the Ashram, especially among local devotees and staff members.

**-Use in Practice:** Tamil is the primary language for local communication and is often used in the Ashram's public events and community interactions. Many of Sri Aurobindo's works have been translated into Tamil, and it is also used in spiritual discourses and devotional activities.

***4. Sanskrit:***

**-Role:** Sanskrit, the classical language of Hindu spiritual texts, is revered in the Ashram for its spiritual significance.

**-Use in Practice:** While not used as a conversational language, Sanskrit is integral to the study of scriptures and chanting. The Ashram conducts classes and sessions on Sanskrit, focusing on the language's spiritual and philosophical aspects.

***5. Hindi:***

**-Role:** As the national language of India, Hindi is commonly used among Indian residents and visitors from different parts of the country.

**-Use in Practice:** Hindi is used in day-to-day conversations, spiritual practices, and during events that involve participants from across India. It is also used in translations of spiritual texts and in communication with the broader Indian audience.

## 03. Educational Practices

The Ashram's educational wing, the Sri Aurobindo International Centre of Education, embraces multilingualism in its curriculum. Students are encouraged to learn multiple languages, which include English, French, Tamil, Sanskrit, and Hindi, among others. This multilingual education aims to broaden the students' cultural understanding and spiritual growth.

Language learning at the Ashram is not merely academic; it is intertwined with the spiritual practice of integral yoga. The Ashram believes that learning and using multiple languages can contribute to an individual's inner development by opening up different cultural and spiritual perspectives.

## 04. Publications and Translations

The Ashram is known for its extensive publications, many of which are translated into multiple languages. The works of Sri Aurobindo and the Mother have been translated into major global languages, including English, French, Spanish, German, Italian, and Japanese, among others. This multilingual approach allows the Ashram's teachings to reach a global audience, further promoting its philosophy of universal brotherhood and spiritual unity.

In addition, the Ashram's daily bulletins, magazines, and newsletters are often published in multiple languages, catering to the diverse linguistic needs of its community.

## 05. Cultural and Spiritual Integration

Multilingualism at the Ashram is not just a practical necessity but a reflection of its core philosophy. The Ashram emphasizes the unity of all human beings, transcending linguistic and cultural barriers. The use of multiple languages is seen as a means to foster a deeper understanding of different cultures and spiritual traditions.

This cultural and linguistic diversity is celebrated in the Ashram's various festivals, events, and collective activities. For example, during special events, hymns and prayers may be sung in several languages, symbolizing the unity of all traditions under the universal spirit.

## 06. Challenges and Solutions

Despite its advantages, multilingualism in the Ashram also presents challenges. Communication barriers can arise among members who are not proficient in the primary languages. However, the Ashram addresses these challenges through the following means:

**1.Language Classes:** The Ashram offers language classes to its members, helping them acquire proficiency in the commonly spoken languages. This fosters better communication and integration within the community.

**2.Translation Services:** Important spiritual discourses, meetings, and publications are often translated into multiple languages, ensuring that non-native speakers can fully participate in the Ashram's spiritual life.

**3.Encouraging Bilingualism/Multilingualism:** Residents are encouraged to learn and use more than one language, which helps bridge communication gaps and enhances mutual understanding.

***Conclusion***

Multilingualism at the Sri Aurobindo Ashram is a manifestation of its inclusive and universal spiritual philosophy. The diverse linguistic environment enriches the Ashram's cultural and spiritual life, allowing it to serve as a global centre for spiritual practice and learning. Through its commitment to multilingualism, the Ashram not only preserves its cultural heritage but also promotes a vision of unity in diversity, embodying the teachings of Sri Aurobindo and the Mother.

**Report : Dr. Jayesh Raval**
**Director, Sheth C.N.Angreji Kendra**

# Innovation Mission Atal Tinkering Lab

In today's rapidly evolving world, fostering creativity, innovation and critical thinking skills in students have become a necessity. At Sheth C. N. English Medium school, we are trying to achieve this with the introduction of the Atal Tinkering Lab (ATL). ATL is an initiative by the Government of India under the Atal Innovation Mission (AIM) to nurture an innovative mind set among young learners, equipping them with 21st century skills and preparing them for the future.



Sheth C. N. English Medium school established The Atal Tinkering Laboratory in 2018. Since then, more than 200 students have been trained in the fields of Basic Electronics, Robotics, Artificial Intelligence (AI), 3-D Printing, Drone Operations, etc. These students have been part of regular conventions and competitions and have presented their works and projects at various reputed institutions like Nirma University, IIT-Gandhinagar, Pandit Deendayal Energy University, etc. One of our former student, Heer Shah had applied for a patent and now, even has her own start-up which makes footwears from waste materials. She was also instrumental in designing a system that can directly absorb Carbon emitted by the silencers of automobiles. She has been facilitated by the Government of Gujarat for her initiative.

The curriculum encourages the students to learn everything right from the basics of electronics and electrical circuits to some high-end robotics programs, suitable for school children. This enables the children to have knowledge of the latest technology, both in hardware and software, which otherwise, is very difficult to be acquired from traditional school syllabus. Atal Tinkering Lab stimulates the creative potential inherent in every child.

**Aasim Shaikh**
**Teacher, PGT Physics,**

# આદર્શ શિક્ષક

શિક્ષણ માટે શિક્ષક કેવો હોવો જોઈએ. આ એક મૂંઝવતો પ્રશ્ન છે. એક કે અતિ કડક શિક્ષક કે જે વર્ગખંડમાં પ્રવેશે અને આખો વર્ગ શાંત થઈ જાય. ને બીજા કે બાળકોને કશું કહે જ નહીં, જેને જેમ કરવું હોય તેમ કરવા દે! આ બંને શિક્ષકોમાંથી કેવા શિક્ષક આપણને પસંદ આવે તો જો શિક્ષક અતિ કડક હોય અને બહુ શિસ્તના આગ્રહી હોય તો બાળકના હૃદય સુધીના પહોંચી શકાય, બાળક તમારી સમક્ષ પોતાના વિચારો કશું રજૂ જ નહીં કરી શકે અને જો બાળકને જેમ કરવું હોય તેમ કરવા દઈએ જો કશું કહીએ જ નહીં તો બાળક તમને ભણાવવા જ નહીં દે. ભારતમાં ઘણા શિક્ષણવિદ્દોએ એવું કહ્યું કે શિક્ષક તો કડક જ હોવો જોઈએ અને શિસ્તનો અતિ આગ્રહી જ હોવો જોઈએ તો તેનાથી એ થાય કે બાળકના હૃદય સુધી ન પહોંચી શકાય. પછીના શિક્ષણવિદોએ એવું કહ્યું કે શિક્ષક કડક નહીં બાળકને કશું કહેવાનું જ નહીં જે કરે તે કરવા દો. તો એનાથી એ થાય કે બાળકો કોઈ શિક્ષકનું માનશે નહીં, શિક્ષક ભણાવી જ નહીં શકે તો ?

આ સમસ્યાનું સમાધાન શું? તો આ સમસ્યાનું સમાધાન આપણને કબીરજીએ તેમના એક દોહા દ્વારા આપ્યું છે.

गुरु कुंभार शिष कुंभ है
कढ़ी कढ़ी की काढ़े खोट
भीतर हाथ सहार दे बाहर बाहैं चोट

ઉપરોક્ત દોહામાં કબીરજી કહે છે. ગુરુ એ કુંભાર જેવો હોય છે અને શિષ્ય એ માટલા જેવો હોય છે. કુંભાર માટલું બનાવે એટલે નાની નાની વાતનું ધ્યાન રાખે અને નાની નાની ક્ષતિઓ કાઢે તેમ શિક્ષકે પણ વિદ્યાર્થીની નાની-નાની ક્ષતિઓ શોધવાની છે અને સુધારવાની. કુંભાર જ્યારે માટલું બનાવે ત્યારે બહારની બાજુ ટપલો મારે પણ તેનો એક હાથ અંદરની બાજુ અવશ્ય રહેલો હોય છે. એવી જ રીતે શિક્ષકે જરૂર પડે તો કડક વલણ પણ અપનાવવું પડે તેને ઠપકો પણ આપવો પડે. પરંતુ એક હાથ પ્રેમનો પણ હોવો જોઈએ. જો કુંભાર બહારની બાજુ ટપલો ન મારે તો માટલું કાચું રહી જાય અને જો અંદરની બાજુ હાથ ન રાખે તો માટલું તૂટી જાય તો બહારની બાજુ ટપલો પણ મારવો પડે અને અંદર હાથ પણ રાખવો પડે તે માટલું કાચું પણ ન રહે અને તૂટી પણ ન જાય એ ધ્યાન રાખવું પડે. એવી જ રીતે એક શિક્ષક તરીકે આપણે બાળક કાચું પણ ન રહી જાય અને એ આપણને પ્રેમ પણ કરવું જોઈએ એ વાતનું ખાસ ધ્યાન રાખવાનું છે.

વિદ્યાર્થીઓની નાની-નાની ભૂલો પણ શોધવાની અને અને જરૂર પડે તો તે અંગે સમજાવવાની સાથેસાથે એક હાથ પ્રેમનો પણ હોવો જોઈએ તો જ આપણે એક શ્રેષ્ઠ શિક્ષક બની શકીશું

એક શિક્ષક પાસે બે આંખો હોય છે. એક પિતા તરીકેની આંખ એટલે કે નાની નાની ભૂલો પ્રત્યે ધ્યાન દોરવાનું અને એક આંખ માતા તરીકેની એટલે કે તેને સ્નેહ પણ એટલો જ કરવાનો શિક્ષકે માતા અને પિતા બંનેની ભૂમિકા અદા કરવાની હોય છે. આવા શિક્ષક જ શ્રેષ્ઠ શિક્ષક બની શકે છે અને મને શ્રદ્ધા છે કે આપણે એવા શિક્ષક બનવા અવશ્ય પ્રયત્ન કરીશું.

**વિશ્વાસ ડોડીયા**
**દ્વિતીય વર્ષ, શેઠ ચી.ન. ડી.એલ.એડ. કોલેજ**

# અનૌપચારિક શિક્ષણ

સાંભળવામાં અજુગતું લાગે પણ સાચું છે. લેખક શ્રી ''જયંતભાઈ શુક્લ'' કે, જેમણે બાલમંદિરના શિક્ષકો માટેની તાલીમી કોલેજ ચલાવી હતી અને આંગણવાડીના શિક્ષકોને પણ પ્રશિક્ષિત કરવા અનેક કાર્યક્રમો કરેલા તેમનું માનવુ હતું કે, બાળક વાંચતાં લખતાં શીખે તો જ તેનું ભણતર શક્ય બને તેમ ન હોય, પાટી-પેન અને પુસ્તક વગર પણ બાળક સતત શીખતું હોય છે, જીવનઉપયોગી તે એવું ઘણું બધું તેના આસપાસના વાતાવરણ અને સમાજ પાસેથી શીખે છે.

કુમળી વયના બાળકો જ્યારે પૂર્વ પ્રાથમિક શાળામાં દફતરનો બોજ લઈને જાય છે, ત્યારે આ બાળકનું બાળપણ છીનવાઇ ગયું હોય તેમ લાગે છે. તેના કારણે ''ભાર વિનાના ભણતર''ની વાતો જે થાય છે તે જાણે કહેવા પૂરતું જ લાગે છે. સમાજમાં જડ માન્યતા એવી થઈ ગઈ છે કે, જ્યાં સુધી બાળકને લખતાં-વાંચતાં ના આવડે ત્યાં સુધી તે ભણ્યું ન કહેવાય માટે આજે તમે જે જોઈ રહ્યા છો કે, આપણે જે મોન્ટેસૉરી પદ્ધતિ મુજબ રમતાં રમતાં ભણવાનું શીખ્યા તે અત્યારની અંગ્રેજી માધ્યમની શાળામાં ફક્ત કહેવા પૂરતું જ રહી ગયું છે.બાળકને તેની ઉંમર અને કક્ષાના પ્રમાણમાં ભણતરનો ઘણો ભાર આપી દીધો છે.

ફકત વાચવાં લખવાની હરીફાઈમાં બાળકોને જે ગમ્મત સાથે જ્ઞાન મળે તેવી પ્રવૃતિઓ ઓછી થતી ગઈ છે, બાળક નાની ઉંમરથી જ સંગીત પ્રત્યે આકર્ષાય છે માટે શાળામાં હંમેશા પહેલા પ્રાર્થના અને સંગી તનો તાસ અવશ્ય ગોઠવવો જોઈએ. બાળકોને ભરપૂર વાર્તા કહેવી જોઈએ તેનાથી બાળકની કલ્પનાશક્તિ વિકસે છે. લાગણીઓનો અનુભવ થાય છે. વાર્તા-નાટક, ગીત, અભિનય દ્વારા બાળકને માનસિક આનંદ મળે છે, એકાગ્રતા, સ્થિરતા અને જિજ્ઞાસાવૃત્તિમાં વધારો થાય છે આ પણ એક પ્રકારનું શિક્ષણ જ છે જે અત્યારના વધુ ચંચળતા ધરાવતા બાળકો માટે ખૂબ મહત્વનો ભાગ ભજવે છે.

''ગિજુભાઈ'' પણ માનતા હતા કે, વાર્તા અને નાટક દ્વારા બાળકોને સાચા દર્શક, સાચા વક્તા, સાચા શ્રોતા, બહાદુર અને બળવાન બનાવી શકાય છે. બીજી એવી ઘણી પ્રવૃતિઓ છે જેવી કે, માટીકામ, મણકાકામ, ચિત્રકામ દ્વારા બાળક ભાષા અને ગણિત જેવા અઘરા વિષયો પણ શીખે છે. માટે જ એકલું લેખન, વાંચન કરવાથી જ બાળક ભણતું નથી, પણ જુદી જુદી પ્રવૃતિઓથી બાળક ભણે પણ છે ને સાથે તે કેળવાય પણ છે જે ભણવા કરતાં વધુ જરૂરી છે. પણ આજના સમયમાં વાલી ઓને તો માત્ર ને માત્ર બાળક કેટલું લખે છે કે વાંચે છે અને કેટલા માર્કસ મેળવ્યા તેમાં જ રસ છે પણ તેમાં બાળકનું બાળપણ અને કેળવણી બંને ખોરવાતી હોય તેમ લાગે છે.

ત્રણ થી આઠ વર્ષના બાળકો વિવિધ વિષયોનું શિક્ષણ જુદી જુદી પ્રવૃત્તિઓ દ્વારા મેળવે તે ખૂબ જરૂરી છે. આવી પ્રવૃત્તિઓ અને બોધાત્મક વાર્તા દ્વારા બાળકોમાં વિવેક, વિનય, સંપ, સંયમ, ધીરજ અને સહકારની ભાવના જેવા ગુણો વિકસે છે. કોઈ વસ્તુ કે ચિત્ર જોઈ બાળક મૌલિક રીતે તેનું વર્ણન કરી શકે, તેના વિશે પાંચ વાક્ય પણ બોલી શકે ત્યારે તે સમજપૂર્વકનું શિક્ષણ કહેવાય. ત્રણ થી છ વર્ષનું બાળક તો સ્લેટ-પેન વગર માત્ર સાંભળીને, જોઈને જ શિક્ષણ મેળવે છે ને તે જ સાચું શિક્ષણ છે,

**શ્વેતા એચ.ગાંધી**
**મ. શિક્ષિકા, શેઠ ચી. ન. શિશુવિહાર**

# શેઠ સી.એન. ફાઈન આર્ટસ ખાતે યોજાયેલ કલાની પ્રવૃત્તિઓ ...

શેઠ સી.એન.ફાઇન આર્ટ્સ કોલેજમાં કલાક્ષેત્રના અનેક પ્રદર્શનો, પ્રખ્યાત કલાકારોના વાર્તાલાપ - વર્કશોપ વગેરે હંમેશા યોજાતા રહે છે. ગત સત્રમાં પણ કેટલાક અગત્યના કાર્યક્રમો, પ્રસંગોનું આયોજન થયું. ડો. વિક્રમ સારાભાઇની જન્મજયંતિ નિમિત્તે યોજાયેલ વિજ્ઞાન મેળાનું આયોજન કલા સંસ્થામાં યોજાયું. જેમાં કલાસંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા જગવિખ્યાત વિજ્ઞાનીઓના પોટ્રેટ અને તેઓ દ્વારા થયેલ શોધ અંગેના સુંદર ચિત્રોનું પ્રદર્શન સંસ્થાની ગેલેરીમાં યોજાયું હતું. વડોદરાની પ્રખ્યાત ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસના પ્રાધ્યાપક અને જાણીતા કલાકાર વિદ્વાન ઇન્દ્રપ્રમીત રોયનો વાર્તાલાપ વિદ્યાર્થીઓ સાથે યોજાઈ ગયો. જેમાં સમકાલીન કલા અંગે રસપ્રદ ચર્ચા થઇ. જેનો વિદ્યાર્થીઓએ લાભ ઉઠાવ્યો. તેઓએ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક વાતો કરી. તેઓની સાથે તે જ સંસ્થાના પ્રાધ્યાપક પિયુષ ઠક્કર પણ હાજર રહ્યા.



આપણી સંસ્થાના સિનીયર અધ્યાપક ડો. સુરેશ શેઠના પુસ્તક 'વતનનો સાદ'નું પુસ્તક વિમોચન તેમજ તેઓની કોલાજ કૃતિઓનું પ્રદર્શન સંસ્થાની આર્ટ ગેલેરીમાં યોજાઈ ગયું. તે પ્રસંગે દેશના ખ્યાતિ પ્રાપ્ત કલાકાર અમિત અંબાલાલ, કલાકાર વૃંદાવન સોલંકી, દેશના પ્રસિદ્ધ કલા સંગ્રાહક અનીલ રેલિયા, સંસ્થાના પૂર્વ આચાર્ય શ્રી માધવ રામાનુજ અને રતિલાલ કાંસોદરીયા, નિવૃત્ત આઈ.એ.એસ.અધિકારી વરુણ માયરા, વિદ્યાવિહારના શૈક્ષણિક સલાહકાર ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા, નિયામક ડૉ. વૈશાલી શાહ ઊપસ્થિત રહ્યા હતા. કલાના સર્જનમાં કલ્પનાશીલતાના મહત્વ અંગે સહુએ રસપ્રદ ચર્ચા કરી હતી.

દેશના પ્રથમ હરોળના કલાકાર શ્રી અર્પિતાસિંઘ, જેઓને ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ ખાતે શ્રી કુંદનબેન અંબાલાલ કલાગૌરવ પુરસ્કાર એનાયત થયો. તે માટે તેઓ દિલ્હીથી અમદાવાદ આવેલ. ત્યારે તેઓને આપણી સંસ્થામાં આમંત્રિત કર્યા હતા. અર્પિતાસિંઘનાં પતિ પરમજીત સિંઘ પણ ખુબજ નામી કલાકાર છે તેઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. અર્પિતા સિંઘની કલા સર્જનયાત્રા અંગેની ડોક્યુમેન્ટરી ફિલ્મનું સ્ક્રીનિંગ વિદ્યાર્થીઓ સમક્ષ કરવામા આવેલ. આવા કલાસંવાદ કલાના શિક્ષણમાં ખુબ મહત્વના પૂરવાર થાય છે.

ગીર ફાઉન્ડેશન (ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન રિસર્ચ ફાઉન્ડેશન) દ્વારા ઈન્દ્રોડા પાર્ક ખાતે સંસ્થાના કુલ 40 વિદ્યાર્થીઓ અને 3 અધ્યાપકો સાથે એક 'વાઈલ્ડ લાઈફ' પેઇન્ટિંગ કોમ્પિટિશન તેમજ વર્કશોપનું આમંત્રણ સાથે આયોજન કરવામા આવ્યુ. સ્પોન્સરશીપ સાથે વિદ્યાર્થીઓને ઈન્દ્રોડા પાર્ક, અભયારણ્યમા બે દિવસ કુદરતના સાનિધ્યમાં ચિત્ર સર્જન અને પ્રદર્શન કરવાનો મોકો મળ્યો. ત્યાની ઓપન આર્ટ ગેલેરીમા 'વાઈલ્ડ લાઈફ વીક'ની ઉજવણી દરમિયાન તે ચિત્રકૃતિઓનુ પ્રદર્શન યોજાઈ ગયુ. જેમાંથી પાંચ વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યા. તેમજ ભાગ લેનાર દરેકને સર્ટિફિકેટ એનાયત થયા. એવી જ રીતે વિશાલા ફાઉન્ડેશન દ્વારા પણ સંસ્થાને બીજો એક અવસર મળ્યો. 'વિચાર' મ્યુઝિયમનું રીનોવેશન અને ઉદ્દઘાટન કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના હસ્તે થયું, જે પ્રસંગે સંસ્થાના વિદ્યાર્થીઓને ગાંધી વિષય ઉપર ચિત્ર સર્જન, પ્રદર્શન યોજવાનું આમંત્રણ મળ્યું. તેમાં 30 વિદ્યાર્થીઓને કેનવાસ આપવામા આવેલ હતા. તેમાં વિદ્યાર્થીઓએ હોંશભેર ભાગ લીધો. તેનું પ્રદર્શન વિશાલા આર્ટ ગેલેરી ખાતે યોજાયું હતું.

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના 64મા વાર્ષિક પ્રદર્શનમાં આપણી સંસ્થાના વિદ્યાર્થીઓની કૃતિઓ પસંદગી પામી હતી. કલા સંસ્થાના વિદ્યાર્થીઓના વિભાગમાં કેટલાક વિધાર્થીઓને એવોર્ડ પણ પ્રાપ્ત થયા, તેમાં કલાકાર વિભાગમાં અધ્યાપિકા ગાયત્રી ત્રિવેદીને પેઈન્ટીંગ વિભાગનો એવોર્ડ પ્રાપ્ત થયો. તેમજ અધ્યાપક શૈલેષ દવેની કૃતિ પસંદગી પામી હતી. સંસ્થાના અધ્યાપક રાજેશ બારૈયાની કૃતિ ''મોદી@20'' શિર્ષક સાથે ઓરીસ્સાની સુવદ્રા આર્ટ ગેલેરી દ્વારા દુબઈ ખાતે યોજાયેલ પ્રદર્શન માટે તેમજ મુલાકાત માટે સ્થાન પામી. જેને ત્યાં ખુબ સારો પ્રતિભાવ મળ્યો.

**– ગાયત્રી ત્રિવેદી, અધ્યાપિકા, શેઠ ચી ન. કૉલેજ ઑફ ફાઈન આર્ટસ**

## શ્રી રાજેશ બારૈયા (પ્રાધ્યાપક, શેઠ ચી ન. કૉલેજ ઑફ ફાઈન આર્ટસ)ની દુબઈ ખાતે સુવદ્રા આર્ટ ગેલેરી દ્વારા પેઇન્ટિંગ પ્રદર્શનમાં પસંદગી

શેઠ સી.એન.ફાઇન આર્ટ્સ કોલેજના પ્રાધ્યાપક શ્રી રાજેશ બારૈયા, ROOSTERની રંગબેરંગી છબીઓથી તેમના કેનવાસને રંગે છે. તેઓ શેઠ સી.એન.કૉલેજ ઓફ ફાઇન આર્ટસમાં પ્રાધ્યાપક તરીકે છેલ્લા 17 વર્ષથી સેવા આપી રહ્યા છે. તેઓએ અનેક સોલો શો યોજ્યા છે તેમજ તેમણે સમગ્ર ભારતમાં અને વિદેશમાં ઘણા પ્રતિષ્ઠિત સમૂહ પ્રદર્શનોમાં ભાગ લીધો છે,

Modi@20 ટીમના ભાગ રૂપે, સુવદ્રા આર્ટ ગેલેરીના અધ્યક્ષ ડૉ. સૂર્યરથ, ઉપાધ્યક્ષ દેબસ્મિતા મોહંતી, ક્રિએટિવ ડિરેક્ટર રાજમાતા ડૉ. દીપ્તિ દેવી, ગેલેરીના ડિરેક્ટર અશોક નાયક અને સલાહકાર ડૉ. મિહિર સાહુ ઓડિશાના ગવર્નર રઘુબર દાસને મળ્યા. અને તેમને આ પ્રદર્શનમાં આવવા આમંત્રણ આપ્યું હતું. આ મીટિંગ દરમિયાન રઘુબર દાસે મોદી@20માં પ્રદર્શિત થનારી ચિત્રોની સૂચિ પણ બહાર પાડી. આ પ્રસંગે ડૉ. સૂર્યરથે જણાવ્યું હતું કે, ''નરેન્દ્ર મોદીના વિચારો અને વિઝનનો પ્રચાર કરવા ભારત સહિત સમગ્ર વિશ્વમાં આવા કલા પ્રદર્શનો યોજવાની યોજના છે. ગુજરાત-અમદાવાદથી અમારી ટીમનાં આયોજક શેઠ સી.એન.ફાઇન આર્ટસથી શ્રી રાજેશ બારૈયા છે''..... ઉલ્લેખનીય છે કે મોદી@20 નામનું આ કલા પ્રદર્શન ગયા વર્ષે ભુવનેશ્વર, ગુવાહાટી, નાગપુર, ભોપાલ, અમદાવાદ, બરોડા, વારાણસી અને દિલ્હીની લલિત કલા એકેડમીમાં આયોજિત કરવામાં આવ્યું હતું.

શ્રી રાજેશ બારૈયાને દુબઈ ઇન્ટરનેશનલ પેઇન્ટિંગ એકઝીબીશન (તા. 9 થી 11-નવેમ્બર-2024 )મોદી@20 માટે સ્પોન્સરશિપ દ્વારા આમંત્રિત કરવામાં આવ્યા હતા.

# જીવનમાં શિસ્તનું મહત્વ

માનવજીવનમાં શિસ્તનું ઘણું મહત્વ છે. શિસ્ત એ જીવનનો લય છે. શિસ્તમાં રહેનાર વ્યક્તિના જીવનમાં નિયમિતતા, વિનય,વિવેક જેવા ગુણો કેળવાય છે. શિસ્તથી મનોબળ દ્રઢ બને છે. આપણામાં સંકલ્પ શક્તિનો વિકાસ થાય છે.શિસ્તથી જીવનમાં આળસ રહેતી નથી કાર્યરત રહેવાય છે. સદ્‌ગુણોનો પણ વિકાસ થાય છે. બાળકોમાં પણ શિસ્ત ખૂબ જ જરૂરી છે. કુટુંબમાં, શાળામાં કે સમાજમાં શિસ્તબદ્ધ વિદ્યાર્થીનું નામ રોશન થાય છે. યશસ્વી કારકિર્દી પણ શિસ્ત થકી જ બનાવી શકાય છે. આપણા વડીલોનું શિસ્તબદ્ધ આચરણ આપણા માટે અનુકરણીય બાબત બની જાય છે. માતા,પિતા ઘરમાં અનુશાસનમાં હશે તો બાળકો તેવી રીતે કેળવાતા જશે. વૃદ્ધો, વડીલો પણ શિસ્ત થકી લોકો માટે પૂજનીય બની શકે છે.

શિસ્ત શબ્દ વિદ્યાર્થી કાળથી વ્યક્તિ સાથે જોડાયેલો હોય છે. ''શિસ્ત'' શબ્દનો અર્થ નિયમબદ્ધ રીતે વર્તણુક કરવી એવો થાય છે. નાનપણથી શાળાઓમાં શીખવવામાં આવે છે કે શિસ્તનું પાલન કરવું જોઈએ જેમાં અલગ અલગ ઘણી બાબતો શીખવા મળે છે. શિસ્ત અને સંયમ એ પ્રવચનોમાં બોલવાનો નહીં, પણ અનુકરણનો વિષય છે. બાળકો માતા પિતાની જીવનશૈલીને અનુસરે છે, તેમના ઉપદેશને નહીં તે વાત બહુ જ મહત્વની છે. શિસ્ત સ્વયં હોય તો વ્યક્તિ પોતાની અંતઃસ્ફુરણાથી પાલન કરે છે. સ્વયંશિસ્ત ન જળવાઈ તો ઉપરથી લાદવી પડે છે. સ્વયંશિસ્ત કોઈપણ વ્યવસ્થા જાળવવા જરૂરી બને છે.

શિસ્ત વિનાનું જીવન સુકાન વગરની નાવ જેવું છે. શાળામાં હાજરીની બાબતમાં વિદ્યાર્થીઓ અનિયમિત રહે, વર્ગમાં ઘોંઘાટ કે ધમાલ કરે, શાળાની માલમિલકતને નુકસાન કરે તે બિલકુલ ચલાવી લેવું જોઈએ નહીં. આવી પ્રવૃત્તિઓ શાળાની શિસ્તમાં ખલેલ પાડે છે.

સૂર્યમંડળના તમામ ગ્રહો અને નક્ષત્રો પણ શિસ્તમાં જ રહે છે. પ્રકૃતિનો સમગ્ર વ્યવહાર શિસ્તબદ્ધ રીતે ચાલ્યા કરે છે.

રોજિંદા જીવનમાં શિસ્ત અનિવાર્ય છે, શિસ્તને સદ્‌વ્યવહાર, વિવેક, વિનય સાથે ગાઢ સબંધ છે. આથી આપણે શિસ્તબદ્ધ આચરણ કરી શાળા, સમાજ અને દેશનું ગૌરવ વધારવું જોઈએ.

# સાચી મૂડી

શિક્ષણ છે, સમાજની સાચી મૂડી,
જેને કોઈ શકે નહી તોડી.
બનાવી હોય જો જિંદગીની લીલી વાડી,
તો પકડજો શિક્ષણની સુંદર કેડી.
શિક્ષણએ જિંદગીના ખેતરનો પાક છે, ખરીફ
શિક્ષણથી જ માણસ હંમેશા બનશે શરીફ.
શિક્ષણનો કરી લો પાકો નિર્ધાર,
પછી ભલેને પડતો વરસાદ ચોધાર.
જો શિક્ષણનો વધારશો વ્યાપ,
તો નહી કરવો પડે કોઈ ''દી'' પશ્ચાતાપ.

**અંકુશ. એમ. મજેઠિયા**
**મ. શિક્ષક, શેઠ ચી. ન. બાલ વિદ્યાલય**

# Understanding your child's behaviour

Working with children aged 3 to 5 years is a wonderful experience. It is also one of the reasons why I chose to write about it. The behaviour of the child is a reflection of how he or she is treated at home or in the classroom. To raise a well-behaved child, parents should first examine their own behavior, especially how we deal with crisis or emergency like situations.

A child needs a warm and loving atmosphere at home. Research findings also prove that a child's behaviour is learnt from his environment be it his parents and peers. In addition to that a child has to find a way to express his/ her feelings. For this, we need to avoid constantly advising them and allow them to be. I believe they will have a lot of experience to share with the elders.

Parents also have to be aware of their child's capabilities. I believe it is a crucial topic of discussion in today's scenario. Parents should understand that every child is not meant to be a scholar, doctor, engineer or excel in sports. They should ensure that the child enjoys the journey of learning. As an educator I would suggest that we should guide them to create their own path. By demonstrating patience, understanding, and consistency, we can effectively guide them towards becoming thoughtful, responsible individuals.

**Jalpa Trivedi**
**Teacher, CNEM-Vishist Varg)**

# મારી કલ્પનાનો ભારત દેશ

આપણા દેશને આપણે ભારત માતા કહીએ છીએ. હું ઈચ્છું છું કે આપણે બધા ભાઈ-બહેનની જેમ સંપીને રહીએ અને આ દેશની પ્રગતિમાં ભાગીદાર બનીએ. સરકાર પ્રજાના હિત માટેના બધા જ કાર્યો કરશે અને સરકાર કદી સ્વાર્થી બનશે નહી. મારી કલ્પનાના દેશમાં બેરોજગારી, ભ્રષ્ટાચાર, નિરક્ષરતા, કાળાબજારી, કામચોરી અને ગરીબી વગેરે..... જેવી મુશ્કેલીઓનું નિરાકરણ થતું રહેશે. ભારતનો દરેક નાગરિક મહેનત કરી રોજગારી મેળવી શકશે તથા સ્ત્રી-પુરુષ અને અન્યને સમાન તક આપવામાં આવશે. હું ઈચ્છું છું કે ભારતના દરેક નાગરિકને પોતાનું પ્રાથમિક શિક્ષણ મફત અને સારૂ મળે સાથે સાથે તેમને કપડા, ભોજન, પુસ્તકો અને અન્ય ચીજ-વસ્તુઓ કે જેમની તેમને જરૂર છે તે પણ તેમને મફત મળે તેવું હું ઈચ્છું છું. આપણા દેશમાં 'નાલંદા' જેવી વિદ્યાપીઠો આવેલી હતી. ત્યાં દેશ-વિદેશથી લોકો અભ્યાસ માટે આવતા હતા. ત્યાં લાખો પુસ્તકો હતા. તે વખતે ગુરૂ-શિષ્યની પરંપરાથી આ ચાલતું હતું. હું એવું ઈચ્છુ છું કે આ પરંપરા ફરીથી પાછી આવે. હજારો વર્ષ પહેલા લોકો આધુનિક નહી પરંતુ આયુર્વેદ ચિકિત્સાલય પદ્ધતિ અપનાવતા હતા જેની નોંધ પણ વિશ્વના ઈતિહાસમાં થયેલી જોવા મળે છે. મારી કલ્પનાના દેશમાં આયુર્વેદ અને આધુનિક મળીને જો સારવાર કરવામાં આવે તો ઘણો ફાયદો થઇ શકે તેમ છે. મારી કલ્પનામાં આ બધું જ છે. ટૂંકમાં, હું એવું જ ઈચ્છીશ કે મારી કલ્પનાના દેશમાં પ્રજાની બધી જ મુશ્કેલીઓનું નિરાકરણ થશે અને ભારત વિશ્વમાં અદ્ભુત અને આદર્શ દેશ બનશે.

**દસલાણીયા તેજસ્વી, ધોરણ-૭ અ, શેઠ ચી. ન. કિશોર વિદ્યાલય**

# CNSA Student's Achievement

## Kavya Shilu wins Bronze at SGFI Nationals




Kavya Shilu shone in the Under-17 discus throw with a stellar performance at the 68th School Games Federation of India's National Championships held at Lucknow on 30th November 2024. Her powerful throw at 38.57 metres brought her, her first national medal. Kavya joined gymnastics at CNSA in 2016 and moved on to Athletic training in 2021. She has triumphed at State Championships in Discus Throw and Shot Put in the last three years before this victory at national level.

## CN Students Navya and Isha shine at State Championships



Two Kishore Vidyalaya students namely Navya Shah (8th standard) and Isha Patel (7th standard) won second and third places respectively at the Gujarat State Gymnastics Association Championships held in Rajpipla on 13th & 14th November 2024. In the individual rounds, Navya secured second position on Balancing Beam, Vaulting Table and Uneven Bars whereas Isha secured third position in Balancing Beam. At this competition CNSA gymnast Yaksh Somaiya won bronze for performance on Vaulting Table bringing home the first ever medal among boys. Avantika Negi became the Under-13 State Champion whereas Nishi Bhavsar became the champion in Junior category and Soha Parikh became the all-round winner in the senior category.

## Gujarat State Ranking Tennis Tournament hosted by CNSA




CNSA hosted a State Ranking Tennis Tournament from 14th to 16th December 2024 in which more than 175 players participated across various categories. Participants included players from Junagadh, Palanpur, Rajkot and Gandhinagar besides Ahmedabad. All participants were given participation certificates and winner were awarded trophies.

## CNSA Karatekas win Runners-up Trophy at National Meet

In a national level competition held by Advance Taefudo Martial Arts on 15th December 2024, CNSA Karatekas put up a splendid show winning the Runners-up trophy besides winning medals for individual performances.




While Atharva Chandrana of CN Bal Vidyalaya won a Gold Medal and the Best Fighter Trophy, Shanaya Trivedi, Dhruvin Shah, Dhairya Makwana (CN Bal Vidyalaya) and Anmol Tolani won Gold Medals in their respective categories. Students who won silver medals include Reyansh Shah, Hardya Parikh, Dharma Panchal including Kanya Chhatralaya student Kashish Nai and CNEM student Krisha Bhimani. Students who won Bronze medals include Shital Jadav and Tamanna Solanki of Kanya Chhatralaya besides Dharma Panchal, Vanshita Parekh, Nilam Amarkumar and Atmay Patel.

**Trupti Rawal**
**Director, C.N. Sports Academy**

# શેઠ સી.એન.વિદ્યાલયના વિદ્યાર્થીઓની વિવિધ સિદ્ધિઓ

## ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં વિદ્યાર્થીઓની સિદ્ધિઓ

શેઠ સી એન વિદ્યાલય માંથી કુલ 58 વિદ્યાર્થીઓએ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં ભાગ લીધો હતો તેમાં તાલુકા કક્ષાએ ધો. 9-10 અને 11-12 માંથી અનુક્રમે નીચેના વિદ્યાર્થીઓ પ્રથમ અને દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. ધોરણ 9ની ધ્યાના અતુલભાઇ શાહ પ્રથમ ક્રમાંકે ધોરણ 9ના હર્ષ સુરેશભાઇ શેલડીયા દ્વિતીય ક્રમાંક, ધોરણ 10 દુર્ગા જેસીંગભાઇ વસાવા દ્વિતીય ક્રમાંક અને ધોરણ 11 શલોની મદનલાલ ખટીક પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. તે બદલ શેઠ સી.એન. વિદ્યાલય પરિવાર તરફથી તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવે છે.

## કલા ઉત્સવ ૨૦૨૪




શેઠ સી એન વિદ્યાલય, ધો. 9-કની વિધાર્થીની કાવ્યા વોરા સંગીત ગાયન અને ધો 10-અની પવિત્રા ઠાકર તબલા વાદનમાં કલાઉત્સવ 2024માં QDC કક્ષાએ પ્રથમ આવ્યા બાદ, SVS કક્ષા એ પણ પ્રથમ નંબર પર આવ્યા હતા. ત્યારબાદ જિલ્લા કક્ષાની સ્પર્ધા કે જે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગોતા ખાતે યોજાઈ તેમાં કાવ્યા વોરા પ્રથમ નંબરે અને પવિત્રા ઠાકર બીજા નંબરે આવીને શાળાનું ગૌરવ વધાર્યું છે. બંને વિધાર્થીનીઓને શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન. ઝોન કક્ષા માટે કાવ્યા વોરાને શુભેચ્છા.

## નેશનલ કરાટે ચેમ્પિયનશિપમાં ધો. ૯ના હર્ષ શેલડિયાને ગોલ્ડ મેડલ




સરદાર પટેલ કરાટે -2024 કપમાં નેશનલ કરાટે ચેમ્પિયનશિપમાં ધોરણ 9-Cના શેલડીયા હર્ષને એસ.ગોલ્ડ મેડલ સાથે બેસ્ટ ફાઈટર ટ્રોફી મળેલ છે. શાળા પરિવાર તરફથી ખુબ ખુબ શુભેચ્છા સહ અભિનંદન.

**ધવલ પાઠક**
**આચાર્ય, શેઠ ચી. ન. વિદ્યાલય**

# કિશોર વિદ્યાલયના વિદ્યાર્થીઓની વિવિધ સિદ્ધિઓ

## ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત બાળવાર્તા કથન સ્પર્ધા



તા. 25/11/2024ને સોમવારના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત બાળવાર્તા કથન સ્પર્ધામાં શેઠ સી. એન. કિશોર વિદ્યાલયના 7 વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ તેમાંથી ધોરણ 6 અના પ્રજાપતિ સંપ પુનીતકુમારે પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.

તા. 26/11/2024 ને મંગળવારના રોજ બાળગીત ગાન સ્પર્ધામાં શેઠ સી. એન. કિશોર વિદ્યાલયના વિદ્યાર્થીઓએ જ ત્રણેય ફોર્મમાં નંબર પ્રાપ્ત કરેલ છે જેમાં ધોરણ 7 બ વોરા મહાક્ષ રાજર્ષિભાઈએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે તથા ધોરણ 7 અ મહેતા માધવ ઉમંગે દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે અને ધોરણ 6 બ નિર્મલ શાંતનું ગુલશને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. તથા આશ્વાસન ઇનામ ધોરણ 6 ડની વિદ્યાર્થીની દેસાઈ જેનીસા લાલજીભાઈને પ્રાપ્ત થયેલ છે.

## શ્રીમદ ભગવદગીતા શ્લોક ગાન સ્પર્ધા



તા. 11/12/2024ને બુધવાર સોલા ભાગવત વિદ્યાપીઠમાં શ્રીમદ ભગવદગીતા શ્લોકગાન સ્પર્ધામાં શેઠ સી. એન. કિશોર વિદ્યાલયના 16 બાળકોએ ભાગ લીધો હતો. તેમાંથી ધોરણ 8 ડની વિદ્યાર્થીની જાડાવાલા રિધ્ધિ દિપેશકુમારે અધ્યાય 12 ના શ્લોકગાનમાં પ્રથમ ઇનામ પ્રાપ્ત કરેલ છે.

## કલામહાકુંભ ૨૦૨૩-૨૪

- ૨૦૨૩-૨૪ કલા મહાકુંભ સ્પર્ધામાં એકલ ગાયન સ્પર્ધામાં (SOLO SUGAM GEET) કિશોર વિદ્યાલય ધોરણ-૬નો વિદ્યાર્થી મહાક્ષ વોરા પ્રથમ આવેલ છે.
- કલા મહાકુંભ સમૂહગીત સ્પર્ધામાં કિશોર વિદ્યાલયનું ગ્રુપ પ્રથમ આવેલ છે.

## ભારત વિકાસ પરિષદ રાષ્ટ્રીય સમૂહગીત સ્પર્ધા

- ભારત વિકાસ પરિષદ સમૂહગીત સ્પર્ધામાં કિશોર વિદ્યાલયનું ગ્રુપ દ્વિતીય ક્રમે આવેલ છે.

**અલ્કેશ ગજ્જર,**
**આચાર્ય, શેઠ ચી. ન. કિશોર વિદ્યાલય**

## બાલ વિદ્યાલયનું ગૌરવ

### ઇન્ટરનેશનલ ચેસ સ્પર્ધા




(1) વર્મા નમન પરિમલ (3 ક) ટોપ 5માં સ્થાન મેળવી ટ્રોફી મેળવેલ છે.

### ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા યોજાયેલ અભિવ્યક્તિ શિબિરમાં વિદ્યાર્થીઓની સિદ્ધિઓ

ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા યોજાયેલ અભિવ્યક્તિ શિબિરમાં અન્ય શાળાઓ સાથે બાલ વિદ્યાલયના બાળકોએ પણ ભાગ લીધો હતો જેમાં બાલ વિદ્યાલયના બાળકોએ વાર્તાકથન સ્પર્ધામાં પ્રથમ, તૃતીય અને આશ્વાસન ઈનામ પ્રાપ્ત કર્યું તેમજ બાળગીત ગાન સ્પર્ધા પ્રથમ, દ્વિતીય, તૃતીય અને આશ્વાસન ઈનામ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

**વાર્તાકથન સ્પર્ધા**

1 શાહ દ્વિજા નિધિષભાઈ (5 ક) પ્રથમ
2 શાહ દિયારા હિરેનકુમાર (3 ક) તૃતીય
3 પટેલ હ્રિશા નિશિથ (5 બ) આશ્વાસન

**બાળગીત ગાન સ્પર્ધા**

1 શાહ દ્વિજા નિધિષ (5 ક) પ્રથમ
2 પટેલ હ્રિશા નિશિથ (5 બ) દ્વિતીય
3 મહેતા પ્રીમા કેયૂર (5 બ) તૃતીય
4 દેસાઇ સિધ્ધરાજ અનંતકુમાર (5 બ) આશ્વાસન

**કરાટે ચેમ્પિયનશિપ 9 Year 24th FSKA WORLD Cup Karate India**

1 મકવાણા ધૈર્ય રમેશભાઈ (4 અ) - બ્રોન્ઝ મેડલ

**સરદાર પટેલ કરાટે -૨૦૨૪ કપ**






1 મકવાણા ધૈર્ય રમેશભાઈ(4 અ) - ગોલ્ડ મેડલ
2 ચાવડા કાવ્યા મહાવીરસિંહ (4 અ) - સિલ્વર મેડલ
3 પંચાલ ધર્મ કલ્પેશભાઈ (3 બ) - બ્રોન્ઝ મેડલ
3 પટેલ આત્મય કૃશાંગભાઈ (3 બ) - બ્રોન્ઝ મેડલ

**હેતલ ભટ્ટ, આચાર્યા, ચી. ન.બાલ વિદ્યાલય**

## Dhyey Parikh (5 yr. old) Awarded for Marathon



Dhyey Parikh had participated in Adani Ahmedabad Marathon Run for our soldiers organised on 24th Nov. 2024 at River front in 5 km race which he completed successfully at the age of 5 years and has also been awarded medal for completion. Dhyey completed another 5km run on 15/12/2024. Class: Jr.KG (Vishisht Varg )

**Seema Shah**
**Academic Director CNEM-Vishisht Varg**

## C.N.English Medium Student's Achievement



Ms. Heli Shah, student of STD 8, CNEM, has been selected for the pre-national coaching camp for under 14 Kabbadi at Anand. She is the only participant who has been selected from Ahmedabad. We are proud of her and wish her good luck for the selection in Nationals.

**Mrs. Rita Mukherjee**
**Director, Sheth C.N.English Medium School**

## પ્રકૃતિ

ઝાડની દોસ્તી પાણીની સાથે
સૂર્યની દોસ્તી ચાંદાની સાથે.......
ઝરઝર કરતાં ઝરણાં સરક્યા,
સરસર કરતાં સરક્યા ઝરણાં...
ટપટપ કરતો વરસાદ વરસ્યો,
વરસ્યો વરસાદ ટપટપ કરતો...
ખડખડ કરતી ખડકી બારીઓ,
ખડકી બારીઓ ખડખડ કરતી....

**ચૌધરી ત્વરા સંજયભાઈ, ધોરણ-૮ - ક**
**શેઠ ચી.ન.કિશોર વિદ્યાલય**

## એણે કેડે બાંધ્યો કાળ...

બંદૂકવાળા કરી શક્યા નહીં એનો વાંકો વાળ
ધોતી ધીરજની હાથમાં લક્ષ તણી લાકડીઓ
જેના વેણે માથા દેતી પાઘડીઓ ચાખડીઓ
સંવેદનનું સ્મિત હોઠ પર કરુણામય આંખડીઓ
સત્યાગ્રહનું ફૂલ ખીલવ્યું પહેરીને હથકડીઓ
એવાં નિર્ભયતાનું બાળ... એણે કેડે બાંધ્યો કાળ
તે સ્વરાજનો રસ્તો ચીંધ્યો મૌન અને ઉપવાસી
ભગવદ્‌ગીતા બન્યો રેંટિયો ખાદીમાં અવિનાશી
કોરી ખાતી તેને સદાય અંત્યેજનોની ઉદાસી
દાંડી જેનું હરિદ્વાર કોચરબ જેનું કાશી
ઓઢિયા કેટલા આળ... એણે કેડે બાંધ્યો કાળ...

**વિશ્વાસ ડોડીયા**
**શેઠ ચી. ન. ડી.એલ.એડ. દ્વિતીય વર્ષ**

## New Initiatives towards Implementing NEP-2020 Recommendation

### 1. Installation of Interactive Panels in Institutions of Vidyavihar

- Technological advancement in education is highly recommended in NEP-2020.
- Sheth C.N.Vidyavihar proudly acknoledges the contributions of alumni Lt. Dr. Rajalbahen Thaker, Shri Jigen Sharedalal & Shri Atul Sharedalal towards Interactive Panels to various institutions of CNVV.
- Schools & Training Colleges of Vidyavihar are now equipped with total 39 panels which will enable teaching-learning process with conceptual clarity & will provide meaningful learning experience to the children.

### 2. દ્વિ-ભાષી (બહુભાષી) શિક્ષણ પદ્ધતિ

- National Education Policy-2020ની ભલામણ પહેલા જ વિદ્યાવિહારમાં સંસ્થાના મૂળભૂત મૂલ્યોને જાળવીને દ્વિ-ભાષી શિક્ષણ પદ્ધતિનો સફળ પ્રયોગ
- વિવિધ સંશોધનોના તારણો અનુસાર 2 વર્ષથી 8 વર્ષની ઉંમર દરમ્યાન બાળકોની ગ્રહણશક્તિ ખૂબ જ સારી હોવાથી પ્રાથમિક શિક્ષણમાં માતૃભાષાને જ પ્રાથમિકતા આપવા સાથે અંગ્રેજીમાં ભાષા તરીકે નિપુણતા મેળવવાના સંસ્થાના ધ્યેય સાથે વર્ષ 2019માં નર્સરીથી ધોરણ-4 માટે વિશિષ્ટ વર્ગની શરૂઆત
- માતૃભાષાને પ્રાથમિકતા આપી અંગ્રેજી ભાષા તેમજ હિન્દી અને સંસ્કૃત ભાષાને interactive શૈલીમાં શીખવવામાં આવે છે.
- પ્રથમ 2 વર્ષ દરમ્યાન માતૃભાષામાં શ્રવણ, કથન, વાંચન અને લેખનની તાલીમ સાથે જ અન્ય ભાષાઓના શ્રવણ પર ધ્યાન અપાય છે.
- તૃતીય વર્ષથી અન્ય ભાષાઓમાં વાંચન કૌશલ્ય અને લેખન કૌશલ્ય વિકસાવવા માટે ધ્યાન આપવામાં આવે છે.
- સંસ્થાના જ બાળકોને ધોરણ 5 થી અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ માટે વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવે છે. જેના પરિણામો ખૂબ જ ઉત્સાહજનક રહ્યાં છે.
- જૂન 2024માં વિશિષ્ટ વર્ગની પ્રથમ બેચનો સી.એન. અંગ્રેજી માધ્યમ શાળા ધોરણ 5માં પ્રવેશ થયો છે, વિશિષ્ટ વર્ગો જૂન 2024-25થી અંગ્રેજી માધ્યમ શાળાના નેજા હેઠળ કાર્યરત કરવામાં આવ્યા છે.

### 3. વિદ્યાવિશેષ - Centre For Excellence

- નેશનલ એજ્યુકેશન પોલિસી-2020ના સંદર્ભમાં ધો. 6 થી 8ના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અર્થે અનુભવજન્ય કેળવણી, જીવન કૌશલ્યો અને પ્રિ-વોકેશનલ તાલીમ પૂરી પાડવા તેમજ ધો. 9 અને 10ના વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને તેના જરૂરી પાસાઓના વિકાસ માટે વિદ્યાવિહારમાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના બાળકો માટે બહુભાષી માધ્યમના આયામ આધારિત વિદ્યાવિશેષ કેન્દ્રની જૂન-2024થી શરૂઆત કરવામાં આવી છે.
- ધો. 6થી 8ના વિદ્યાર્થીઓ માટે અઠવાડિયામાં 3 દિવસ માટે શાળા શરૂ થવાના 75 મિનિટ પહેલા અને ધો. 9 અને 10ના વિદ્યાર્થીઓ માટે અઠવાડિયામાં 5 દિવસ શાળા પછી રોજના 2 કલાક વિવિધ વિષયો અંતર્ગત કૌશલ્યવિકાસ તેમજ બુદ્ધિક્ષમતા વિકાસ અંતર્ગત વિવિધ અનુભવો પૂરા પાડવામાં આવે છે. આ માટે વિદ્યાવિહાર દ્વારા ખાસ તૈયારીઓ કરવામાં આવી છે. ઉપરાંત તેઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ તથા વ્યવસાયલક્ષી માર્ગદર્શન આપી તે માટે તાલીમ આપવામાં આવે છે.
- STEM LAB અને Language Activity Lab તૈયાર કરવામાં આવી છે.
- ધો. 6 થી 10ના ગણિત-વિજ્ઞાન-ભાષા-સામાન્ય વિજ્ઞાનના મુખ્ય ખ્યાલો conceptને ધ્યાને રાખી Module તૈયાર કરવાની કામગીરી ચાલુ છે.

### 4. મૂલ્યવિશેષ-ભીતરનો ખજાનો-મૂલ્ય આધારિત શિક્ષણ

- વિદ્યાવિહારના મૂળભૂત સિદ્ધાંતોને અનુસરી મૂલ્યશિક્ષણ, ઉચ્ચ ચારિત્ર્ય ઘડતર અને સર્વાંગી વિકાસના ખ્યાલોને વધુ સુદ્રઢ કરી આદર્શ વૈશ્વિક નાગરિકો સમાજને આપવા માટે સર્વાંગીણ વિકાસને અનુ-લક્ષીને કેળવણી આપવામાં આવે છે.
- આ કામગીરી માટે વિદ્યાલયના વાલી ડૉ. ચિરાગ શાહ (Oncologist) સતત સહકાર આપી રહ્યા છે.આ કામગીરીને વધુ સઘન બનાવવા માટે મૂલ્યો આધારિત પ્રવૃત્તિઓ માટે Moduleની રચના કરવાનું શરૂ કરવામાં આવ્યું છે.
- બાળકોની વયકક્ષા આધારિત વિવિધ પ્રવૃત્તિઓનું ગઠન અને Moduleની રચના ડૉ. જ્યોતિ અમરેલીયા કરી રહ્યાં છે.
- હાલમાં, આ અંગે અમૂક ધોરણોમાં પાયલોટ પ્રોજેક્ટ ચાલી રહ્યો છે.

### ધો-૪ ગુજરાતી માધ્યમમાંથી ધો-૫ અંગ્રેજી માધ્યમમાં જવા માંગતા બાળકોના વાલીઓ માટે માર્ગદર્શક સેમિનાર



માતૃભાષાનું આપના જીવનમાં ખૂબ જ મહત્વ છે. બાળક પાયાનું શિક્ષણ પોતાની માતૃભાષામાં જ મેળવે એ પણ એટલુ જ અનિવાર્ય છે. પરંતુ વૈશ્વિકરણના આ યુગમાં અંગ્રેજીના મહત્વને નકારી શકાય નહીં. તા. 21-11-2024 ને ગુરુવારના રોજ ધોરણ-4 ગુજરાતી માધ્યમમાંથી ધોરણ-5 અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવવા માંગતા હોય તેવા બાળકોના વાલીઓ માટે D.El.Ed. હોલમાં એક orientationનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સી. એન. વિદ્યાવિહારના નિયામક ડૉ. વૈશાલી શાહ, અંગ્રેજી માધ્યમના નિયામક શ્રી રીટા મુખર્જી, અંગ્રેજી કેન્દ્રના નિયામક ડૉ. જયેશ રાવલ તથા બાલ વિદ્યાલયના આચાર્યા શ્રી હેતલ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. વૈશાલી શાહે ગુજરાતી માધ્યમમાં ભણેલ વિદ્યાર્થીઓને પ્રવેશ પરીક્ષા માટે કેવી રીતે તૈયારી કરી શકાય એ બાબતે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

**અંકુશ. એમ. મજેઠિયા, મ. શિક્ષક, શેઠ ચી. ન. બાલ વિદ્યાલય**

## શેઠ ચી. ન. ડી. એલ. એડ.ની પ્રવૃત્તિઓ



કોચરબ આશ્રમની મુલાકાત



ગાંધીજી વિશે પ્રવચન આપતા શ્રી રતિલાલ બોરીસાગર



ભવાઈ દ્વારા સામાજીક ઉત્થાનનો સંદેશ આપતા પ્રશિક્ષણાર્થીઓ



યોગનું મહત્વ સમજાવતો ગાયત્રી પરિવાર



અરણ્યની મુલાકાત લેતા પ્રશિક્ષણાર્થીઓ

## Sheth C.N. Angreji Kendra Receives Rising Star Award from the Cambridge University at Annual Coordinators' Conference-2024




Sheth C.N. Angreji Kendra was awarded the esteemed Rising Star Award for the year 2024 by Cambridge University Ahmedabad on August 10th, 2024.

This recognition is a testament to the Kendra's exceptional contribution to promoting English language proficiency among students.

The award was presented as a token of appreciation for the remarkable achievement of enrolling 173 students for various Cambridge English Exams. This significant milestone underscores the commitment of Sheth C.N. Angreji Kendra to providing high-quality English education and equipping students with the necessary skills to excel in an increasingly globalized world. Two of the faculty members of Angreji Kendra Mrs. Bhavna Oza and Mrs. Ashwini Lodaya remained present in the conference to represent the Kendra and receive the award on behalf of the entire team of Sheth C.N Angreji Kendra.

Prior to this achievement, all the teachers at Sheth C.N. Angreji Kendra underwent rigorous training to prepare students for the Cambridge English exams. Their dedication and expertise played a pivotal role in guiding the students to success.

The students of Sheth C.N. Angreji Kendra not only participated in these exams but also excelled, achieving outstanding results and setting a new milestone in the institution's history.

This award serves as a motivating force for Sheth C.N. Angreji Kendra to continue its mission of empowering students with English language skills and helping them achieve their academic and professional goals.

**-Dr. Jayesh Raval, Director,**
**Sheth C.N. Angreji Kendra**

# શેઠ ચી. ન. વિદ્યાવિહાર રમતોત્સવ : 2024

આજના સમયમાં વિદ્યાર્થીઓ સોશિયલ મીડિયા તથા મોબાઈલમાં રમાતી રમતો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. મેદાનમાં રમાતી રમતો આજકાલ અદ્રશ્ય થઈ ગયેલ છે. ઘણી શાળાઓમાં વિદ્યાર્થીઓને રમવા માટે મેદાન જ નથી, તો ઘણી શાળા મકાનના ધાબે રમતો રમાડે છે. આ પરિસ્થિતિમાં આજે પણ અમદાવાદ શહેરના હૃદય સમાન જગ્યા એટલે આંબાવાડીમાં આવેલ શેઠ સી.એન. વિદ્યાવિહાર અને તેમાં બનાવેલ મેદાનો. લગભગ 112 વર્ષથી કાર્યરત તેવી સી.એન. વિદ્યાવિહાર હંમેશા બાળકોના સર્વાંગી વિકાસને તથા તંદુરસ્ત સ્વાસ્થ્યને વધુ મહત્વ આપે છે. શેઠ સી.એન વિદ્યાવિહારમાં તમામ શાળાઓ, વિશિષ્ટ સંસ્થાઓ, તાલીમી કોલેજો અને છાત્રાલયો કાર્યરત છે. વિદ્યાવિહારની તમામ સંસ્થાઓ માટે હંમેશા સંયુક્ત રમતોત્સવ ઉજવવામાં આવે છે.

વિદ્યાર્થીઓ મોબાઈલની રમતોથી મુક્ત થઈ સાચા અર્થમાં મેદાની રમતો તરફ આકર્ષાય, રમતો સાથે સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થાય, તેમનામાં ભાઈજારો અને ખેલદિલીની ભાવના વિકસે, હાર-જીતની વાસ્તવિકતાઓને સાચા અર્થમાં સમજે તે હેતુથી શેઠ સી.એન. વિદ્યાવિહારના વિદ્યાર્થીઓ માટે વયકક્ષાને અનુરૂપ રમતોત્સવ યોજવામાં આવે છે. તાઃ- 20/12/2024 ને શુક્રવારના રોજ યોજાયેલ રમતોત્સવમાં આ વખતે 100 મીટર દોડ, 200 મીટર દોડ, 400 મીટર રીલે દોડ, લાંબી કૂદ, ગોળાફેંક, કબડ્ડી અને વોલીબોલ જેવી રમતો યોજવામાં આવી હતી. નાના વિદ્યાર્થીઓને આનંદ મળે તે હેતુથી તેમની વયકક્ષા મુજબ દોડ, રીલે-દોડ, થ્રો બોલ, બ્રોડ જમ્પ, કોથળાદોડ ત્રિપગી દોડ, વર્તુળનો રાજા જેવી રમતો પણ યોજવામાં આવેલ હતી.

રમતોત્સવની શરૂઆત માર્ચ-પાસ, આતિશ જ્યોતથી કરવામાં આવેલ હતી. રમતોત્સવમાં લગભગ 500થી વધુ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. વિવિધ રમતોમાં વિજેતા વિદ્યાર્થીઓને 78 ગોલ્ડ, 45 સિલ્વર, 45 બ્રોન્ઝ ઉપરાંત સાંઘિક રમતોમાં 12 જેટલી ટ્રોફીઓનું વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા.

**હિતેન્દ્ર ત્રિવેદી, નિયામક, ગુજરાતી માધ્યમ શાળાઓ**









# શેઠ ચી. ન. વિદ્યાવિહાર રમતોત્સવ : 2024









